अर्पणपत्रिका.

આ નાટક બનાવવામાં જેઓએ ઉત્તેજન આપ્યુંછે,
આપેછે અને આપશે મદદ કરિછે. કરેછે, કરશે
અને આશ્રય આપી કુંપનીનું શુભ ઇચ્છયું
છે ઈચ્છેછે અને ઇચ્છશે અને ગ્રહાક
થઈને વધારે પ્રસિદ્ધ ર્ક્યુંછે ને
કરશે તેઓને અમે આ
નાટક અર્પણ
કરીએ
છીએ.

તા. ૨૦-૬-૧૮૮૯.
વાર ગુરૂ.

લખીતંગ.
અમે છીએ શેવકો.
ભાવસાર પીતાંબર વિ. ભવાનભાઇ.
લુવાણા મણિલાલ વિ. હરીભાઈ.
ભાવસાર દેવકરણ નથુભાઇ ધાધારી.
પંડયા પરભાશંકર વિ. અજરામર.
દવે વનમાળી વિ. હરજીવન

(રાઇટર.)

વિજ્ઞાપના.

સુજ્ઞ શ્રોતાજનો! આ અતિશ્રમે વિરચેલું લઘુ પુસ્તક ઈશ્વર કૃપાથી પુર્ણ થયું છે, અને તે પ્રસિદ્ધ કરવાની જીજ્ઞાસા પણ પરિપુર્ણ થઈ છે. આ પુસ્તકની અંદર,—પ્રીતિબંધ, શોક શરિતા, પરસ્પર વેર, શત્રુપર નિષ્ઠા અને વેહેમ આદિક વિષયો, દાખલ કરી મનુષ્યના મનને અસરકારક થાય એવું વિવેચન મારી અલ્પ બુદ્ધિથી જે મેં કથેલ છે તે માન્ય કરશો. આ નાટક કલ્પિત છે પણ સારાંશ એ છે કે સર્વથા વ્યાપક નિરંજન નિરાકારની કૃતિથી થએલી હર્ષ શોકની સરિતાઓ નિરંતર ચાલ્યા કરે છે, અને તેમાં મનુષ્ય ડબકાં ખાધાં કરે છે. શત્રુપર વેર ન રાખતાં તેની સાથે નેક નિષ્ઠાથી વર્ત્તવું વધારે સારૂં હું ગણું છું. કરેલા વિવેચન વિષે કાંઈ ભુલચુક, ખામી ખોડ આવેલી હોય તો મેહેરબાનીની રાહે સુધારી વાંચવા તસ્દી લેશો એવી ઉત્તકંઠા છે.

લખીતંગ.

પી. એમ. ડી. પી. કું.

સાષ્ટાંગ દંડવત પ્રણામ.

ભાવનગર.

પાત્રજનો.

કેસરીસિંહ...	...	...	...સાષ્ટાવતીનો રાજા.
ચતુરવંતી...	...	...	...તેની રાણી.
સૌર્યસિંહ...	...	...	...તેનો પુત્ર.
સોહામણિ...	...	...	...સૌર્યસિંહની સ્ત્રી.
વિરસિંહ...	...	...	...પ્રધાન.
જયસિંહ...	...	...	...પ્રધાનનો પૂત્ર.
વિશ્વગર...	...	...	...એક જોગી.
મોક્ષસિંહ.........		...	...નંદપુરીનો રાજા.
ધર્મસિંહ......		...	...ધર્મપુરીનો રાજા.
જયજામસિંહ...		...	...તેનો પુત્ર.
પ્રાણવંતી...	...	...	...તેની પુત્રી.
ચાર્યાંગના...	...	...	...ધર્મસિંહની સ્ત્રી.

દાશી, ચાકર, લશ્કર, ભુત, દ્વારપાળ, જેલર, ઈત્યાદિક.

સૌર્યસિંહ અને સોહામણિ
ચરિત્ર નાટકનાં ગાયનો.

સર્વે એકઠરે—— ઈશ્વર સ્તુતિ.

"રાગ" ધનાશ્રીની ગજલ.

દિનબંધુ દિનાનાથ, જગ્ત કર્ત્તા દિનબંધુ દિનાનાથ. "ટેક"
પર દુઃખ ભંજન ઈશ તમેછો, ગૃહો કૃપા કરી હાથ. જગ્ત.
ત્રિલોક મધ્યે કિર્ત્તિ તમારી, વ્યાપી રહી કૃપાનાથ. જગ્ત.
કૃતિ તમ પ્રભુ કળી નવ શકે, મહા મોટા મુનીરાય. જગ્ત.
અખિલ બ્રહ્માંડ પ્રિતે શેવે, દ્વિકર જોડી નાથ. જગ્ત.
મહેર કરીને શેવકનીપર, વિનતિ સુણીને આજ. જગ્ત.
દુઃખ કાપીને સુખજ આપો, દયા કરો શંભુનાથ. જગ્ત.
આર્ય લોકને શૌર્ય આપીને, જગાડો ઝાલી હાથ. જગ્ત.
રિદ્ધિ તેમજ સિદ્ધિ આપો, ગુણ ગાઇએ મહારાજ. જગ્ત.
અલ્પ બુદ્ધિથી જે હું વિરચું, સહાય કરો અવિનાશ. જગ્ત.
શેવક આપને અર્જ કરેછે, લક્ષ ધરો કિરતાર. જગ્ત.
સાષ્ટાંગ તુજને ચરણે વંદી, આશ્રય માગે દાસ. જગ્ત.

પ્રવેશ ૧ લો.

શહેર—સાષ્ટાવતિ નગરી. સ્થળ—કચેરી.

કેશરિસિંહ.—(પોતાના પ્રધાન વિરસિંહ પ્રત્યેરાજનિતી વિષે પૂછેછે.

"રાગ"— બનજારા.

સુણો પ્રધાન વાત આ માહરી, પૂછું તે કહો વિસ્તારી. "ટેક"
કેવી રૈયતની છે સ્થીતિ, કેવી ચાલે રાજમાં નીતિ.
સત્ય કહો તમે ઉર ધારી, પૂછું તે કહો વિસ્તારી. સુણો.
કેવી લશ્કરનીછે રીતી, કેવી તેના પરછે પ્રીતિ;
કેવી ચાલે સેના મારી, પૂછું તે કહો વિસ્તારી. સુણો.
કેવો ચાલેછે મુજ ન્યાય, કેવાં કર્મ અહિંયાં થાય;
નાખો દુષ્ટ તમે સંહારી, પૂછું તે કહો વિસ્તારી. સુણો.
રાજાઓ કેમ વરતેછે, ખંડણી તે કેમ ભરેછે;
થાયે સામો નાખો વિદારી, પૂછું તે કહો વિસ્તારી. સુણો.
છે રાજનો જે ધર્મ, તેમાં રાખો નહિં કાંઈ મર્મ;
કેવી વાણી વદે જન મારી, પૂછું તે કહો વિસ્તારી. સુણો.

વિરસિંહ—રાગ (કુદરતના કરનાર ખલકના સ્વામી.)

સુણો રાજન માહરી વાત, કહું વિસ્તારી;
તમ નિતિ રીતિ સારી, નગ્રમાં ભારી.
નથી લોક દુઃખી કોઇ, આપ નગ્રની માંહિં;
પરમેશ્વરની છે મહેર, એટલી આંહિં.
છે સત્યવાદી સહુ લોક, સુણો રાજંન;
હું કહુંછું સાચી વાત, ધરી ઉમંગ.
લશ્કર બધું આપનું, એક સંપથી ચાલે:
સરદારો તેમજ સિપાઈ, સુખથી મહાલે.
ન્યાયાધીશ આપે ન્યાય, નગ્રમાં સારો;

વળી કેળવણીથી થાય, બહુ સુધારો.
તમે રાખો પુરણ પ્રિત, પ્રેમથી ભારી;
રૈયતની રીતિ તેથી, ચાલેછે સારી.
અવિચળ માગે સૌ પ્રજા, આપનું રાજ;
કરે વિનતિ દેવા આપ, સરીખા રાજ.

પ્રવેશ ૨ જો.

સ્થળ–રાજબાગ.

(સૌર્યસિંહ તથા તેનો મિત્ર જયસિંહ બાગમાં ફરે છે અને આસપાસ જોઇ પ્રફુલ્લિત અંઃકરણથી વર્ણન કરેછે.)

જયસિંહ— **રાગ આશા ગોડી.**

બાગ ખીલ્યો અતિ ભારી, પ્રિયબંધું બાગ ખીલ્યો અતિભારી. ટેક
કુંદ ચંબેલી ગુલાબ ખીલ્યાંછે, જુઇ જાઇ છે ન્યારી. પ્રિય.
વૃક્ષ લતા વનવેલ ચડીછે, પવન સુગંધી છે ભારી. પ્રિય.
નમિ ગયાં વૃક્ષ ફળને ભારે, ખીલી રહી ફુલવાડી. પ્રિય.
શિતળ છાંય શિરોમણિ લાગે, શેડ ફૂવારાની ચાલી. પ્રિય.
પોપટ મેંનાં મોરને કોયલ, સોર કરે સુખકારી. પ્રિય.
મહેલ અનોપમ તેમાં શોભેછે, ઝુમી અગાશીને બારી. પ્રિય.
ચાલો અંદર બેશીએ મિત્ર, ઉમંગ ઉરમાં ધારી. પ્રિય.

(તેઓ મહેલ પાસે જાયછે અને જેવા તેઓ બેસે છે કે તરતજ એક ભયંકર બુમ સંભળાય છે તેવામાં તેઓ-

ની દ્રષ્ટિએ એક ભયંકર ભૂત પડે છે તેને જોઈને સૌર્યસિંહ શુરના આવેશમાં બોલે છે.)

સૌર્યસિંહ—રાગ જુઓ જુઓ વિપ્રે ભીડી હામ.

જુઓ રામચંદ્ર રઘુવીર, ક્ષત્રીરે પાછો નહી હઠેરે. ટેક.
હણ્યા દૈત્યોને રાખી ધીર, ક્ષત્રીરે.
સુર્યવંશી હતા તે મહારાજ, ક્ષત્રીરે.
તેના કુળને લાગે લાજ. ક્ષત્રીરે.
નહિ:નહિ ધરૂં પાછો પાય, ક્ષત્રીરે.
કદિ કાયા ભંગજ થાય. ક્ષત્રીરે.
કદિ પૃથ્વીને આભ જોડાય, ક્ષત્રીરે.
કદિ પૃથ્વી પ્રલ્લેજ થાય. ક્ષત્રીરે.
ધન્ય ધન્ય મુજ સમશેર, ક્ષત્રીરે.
કરશે શત્રુને માથે કેર. ક્ષત્રીરે.
ધન્ય ધન્ય તેહની માત, ક્ષત્રીરે.
જેણે શોભાવી છે ક્ષત્રી જાત. ક્ષત્રીરે.
જો ધરૂં હું પાછો પાય, ક્ષત્રીરે.
તો પૂરવજો મારા લજાય. ક્ષત્રીરે.
જો હશે પ્રભુની મહેર, ક્ષત્રીરે.
તો જઇને કરૂં એને ઢેર. ક્ષત્રીરે.

(આ સાંભળીને જયસિંહને ઘણી હિંમત આવીને નીચે પ્રમાણે બોલ્યો.)

જયસિંહ— રાગ સોરઠની ગજલ.

ધન્ય ધન્ય મિત્ર છે માહરા, રાખે ક્ષત્રીનું અભીમાનરે. ટેક.
ધન્ય શુરવિર છે તુજને, શર્મ આવે છે તેથી મુજને;
એવી વાણી હું શાને વધો, એક બાજુ મુકી ભાનરે. ધન્ય.
મારી જાતને હું ભૂલી ગયો, કેમ કાયરના જેવો થયો;
ધિક્કાર પડયો જીંદગીને, ખોયું ક્ષત્રીનું અભિમાનરે. ધન્ય.
ક્ષત્રીબચ્ચો ખરે હું છઊં, કેમ રણુ છોડી નાશી જાઊં;
ફિટકાર મારી માતને, નહિં સિંહણી સમાનરે. ધન્ય.
ગ્રહૂ હું સમશેર હાથમાં, લડું તારી સાથે સાથમાં;
શો ભારછે એ દૈત્યનો, હમણાં કરૂં એને ઠામરે. ધન્ય.

(એટલામાં ભૂત આવી તેમનાપર ધસારો કરેછે તેથી લડાઇ શરૂ થાય છે. એટલામાં વિશ્વગર ત્યાં આવી પહોંચે છે અને લડાઇ અટકાવીને ભૂતને મોટેથી તેનો હેવાલ પુછેછે.)

વિશ્વગર— રાગ ગજલ.

બોલ હો હરામ જલ્દી, કયા કરતહે ફેર;
બાલકે મેં ભસ્મ કરતા, લગતી નહિ દેર.
કેસી જાતહેજ તુંમ, દૈત્ય ઓર દેવ;
સચ્ચી બાત કેદે જલદી, કરતા હું મેં ઠેર.

ભુત— રાગ લાવણી.

એક બખ્તમેં એસા હુવા, તુંમ કહા માન મેરા'
બાગ બનાયા બોત ખુબ મેં, ખાતે રાજ ફેરા

નકાર જબ મેં કીયા ઉસકું, નાહિ દેનેકું બાગ;
કાઢ સમશેર કિયા ઘાવ દો, લગી તનસેં આગ.
ડાલ દિયા પીછું ઓહી કુવેમે, કિયા બોત એ કેર;
ભૂત બનકે આયે ઇધર મેં, લેને મેરા વેર.
દેખકે તુમ ઇલમી આદમ, મેં કહેતે મેરા બ્યાન;
ફિર કબી મેં નાંહી કહુંગા, બરાબર રખના ધ્યાન.

(પછી વિશ્વગર તેને ઇલમનું પાણી છાંટીને નસાડી મુકે છે અને સૌર્યસિંહ તથા જયસિંહ ઘણા વિનયથી તેને રાજાજી પાસે લઇ જાય છે)

....

પ્રવેશ ૩ જો.

સ્થળ—કચેરી.

(કેશરિસિંહ સાથે વિશ્વગરે કેટલુંક ભાષણ કર્યા પછી રાજાએ તેને ઘણાજ આદર સત્કાર સહિત શીરપાવ આપ્યો તે ઘણી ખુશીથી લઇને વિશ્વગર પોતાના આસન ઉપર બેઠો અને સૌર્યસિંહને રાજાએ જે બનાવ બન્યો હતો તે કહેવાને ફરમાવ્યું પછી સૌર્યસિંહ ઘણા વિનય પૂર્વક પોતાના પીતાને નમન કરીને બોલ્યો.)

સૌર્યસિંહ—રાગ જફાવો સીતમકું સજાવાર હું.

સુનલો પિતા મેરી યહબાત,
હુઈ જે બીના કહેતા સાક્ષાત.
જબ મેં ગીયે વો બાગકી માંહ્ય,

દેખા એક અજાયબ પેલજ વાંહ.
ગયેથે મેં દેખનકું, બંગલેકી માંય,
દેખા એક ભયંકર ભુતજ વાંહ.
હુવેથે બડે વો ગગનકી સમાન,
નાહિં મેને દેખે એસે બલવાન.
ધસ્યા મેરે પર મેં ખડેથે જહાં,
તબ મેં નીકાલી સમશેરજ તહાં.
આયા એ જોગી હમેરી પાસ,
તબ તક લડતેથે ભૂતકી સાથ,
જબ ઉને દેખે એ મહા જોગીને,
તબ એ ગયેથી ઉસ્કી કને.
એ જોગીયે કીયા ઇલમ ઉસકી પેર,
કિયા સબ વૃતાંત લેનેકા બેર.

(આ સાંભળી રાજા વિશ્વગર ઉપર અતિશય ખુશી થઈ પોતાની કોટમાં પેહેરેલ લીલમનો હાર તેને બક્ષીસ કરેછે તે લઇ વિશ્વગર નિચે પ્રમાણે બોલીને જાય છે.)

વિશ્વગર— રાગ કલ્યાણ.

સુન અહો રાજન, તેરી મન ગતિ પ્રસન્ન.
એહી બાસ્તે કહેતે હમ, ધરનાં તેરે મન. ટેક.
રાજ અચ્છિ રીરીસે ચલાનાં, ધરકે મન ઉમંગ;
અદલ ન્યાય ઇનસાફ કરકે, કરનાં સારા સંગ. સુન.
રૈયત તણા શુભ કરનેકા, હેજ તુમેરા ધર્મ;

દુઃખી લોકકા દુઃખ કાટનાં, એજ ખરા સુકર્મ. સુન.
પ્રભુએ તુજકું જન્મ દિયાહે, કરનેકુ શુભ કામ.
પરમારથકે બાસ્તે, તુંમ આગળ ધરનાં હામ. સુન.

(વિશ્વગર રૂકસત માગી જાય છે અને કચેરી બરખાસ્ત થાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—નંદપુરી.

(નંદપુરીનો રાજા મોક્ષસિંહ પોતાની પુત્રી સોહામણિનો સ્વયંવર કરવાનોછે તે વાત સોહામણિને કાને પડવાથી ઘણા આનંદયુક્ત ચહેરાથી પોતાની દાશી પ્રત્યે કહેછે.)

સોહામણિ.— રાગ ધનાશ્રીની ગજલ.

વર વરવાને જઈએ, પ્રિય એની વર વરવાને જઈએ. ટેક.
બાળારે પણમાં પણ લીધું હતું, સુખ તેનું ભોગવીયે. પ્રિય.
મોટા મોટા રાજન પધાર્યા, મનગમતો વર લઈએ. પ્રિય.
મહાવીરને પરણીને એની, દિન દિન સુખિયાં થઈએ. પ્રિય.
માત પિતા પાસે ખુશી થઈને, રજા લેવાને જઈએ. પ્રિય.

(તેઓ રજા લેવાને જાયછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—કચેરી.

(મોક્ષસિંહ સર્વ રાજાને આસન આપી પોતાની કુંવરીને સ્વયંવરમાં લાવવાને હુકમ કરેછે તેથી સોહામણિ હાથમાં

વરમાળા લઈને દાશી સહિત આવેછે અને પોતાના પિતા પ્રત્યે બોલે છે.)

સોહામણિ.— **રાગ ઢિંડી.**

પિતાજી મેંતો આજ હુઈ સુખ બાલી. ટેક.
એસા બખ્ત દિયા મહેર કર મોરારી,
હવે ડેર નાં કરૂં મેંતો આ વારી. પિતાજી.
લઈ હાર મેંતો ફરૂં પુરન ભાવે,
પ્રભુ શુદ્ધ પતિ મેરેકું મિલાવે;
સભી જાતકા સંકટ ઓ નિવારે. પિતાજી.

(એટલું બોલી આસપાસ જોઈ સૌર્યસિંહને વરમાળા આરોપેછે અને કચેરી બરખાસ્ત થાયછે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—જંગલ.

સૌર્યસિંહ તથા તેનો મિત્ર જયસિંહ તથા સોહામણી એક જંગલમાં આવી પહોંચેછે ભૂખ લાગવાથી જયસિંહ એક હરણુને પછવાડે પોતાનો ઘોડો દોડાવી મુકેછે. ત્યાર પછી એક સિંહ આવી સૌર્ય સિંહ તથા સોહામણિ ઉપર તલપ મારે છે એટલે સૌર્યસિંહ તલવાર કાઢી સિંહને મારવા જાય છે એટલે સિંહ પાછે પગે નાસવા માંડે છે. ને સૌર્ય સિંહ તેને મારવા માટે પુંઠે દોડેછે અને ઘણે દુર નીકળી જાય છે તેવામાં ધર્મસિંહ જે કે કેશરિસિંહનો શત્રુ હતો

તે ત્યાં આવે છે અને બાઇને બીના પુછે છે.

ધર્મસિંહ— રાગ-રામ નામ તું જપલે પ્યારે.

અરે બાઈ તું કયાંથી, આવા અઘોર વનમાં આવી છે. ટેક.
સાચે સાચું વૃત્તાંત તારૂં, આ ઘડીએ તું મુજને કહે. અરે.
લાગે છે ઇંદ્રાણી જેવી, રૂપ મનોહર તારૂં છે;
શાંને કાજે રખડેછેરે, સિંહ વરૂથી તું ન ડરે. અરે.
ચાલને તું મારી સાથે, આપીશ તુજને સારૂં ઠામ;
નામ ઠામ તું તારૂં કહી દે, કહીદે તારા પતિનું નામ. અરે.
પિતા તારાને ઠેકાણે, જાણ તું પુત્રી મુજને;
જરા બિક મનમાં નવ રાખીશ, સાચું કહુંછું હું તુજને. અરે.

સોહામણિ. રાગ ઓધવજી સંદેસો કહેજો સ્યામને.

નથિ બોલી શકતી જરાએ હુંઅરે,
સુનો રાયજી મારા દુઃખની વાતજો. નથી.
પાપી મારો જીવ થયો દુઃખી ઘણો,
સંકટમાં આવીછું વિયોગે આજજો. નથી.
મોક્ષ સિંહની પુત્રીછું હે રાયજી,
કર્યો સ્વયંવર મારો એણે કાલજો. નથી.
જતાં રસ્તામાં જંગલ આવ્યું ઘોર આ,
પતિ પડ્યા વિખુટા પ્રાણાધાર જો. નથી.
થઇ હું જુદી તેથી અકળાઉ ઘણી,
ઘડી એક નહિં અહિંયાં તો રહેવાયજો. નથી.
બીઈ મરૂં છું જોઇ જંગલનાં પશુ,
દુઃખ મારાથી તે નહિં સહેવાયજો. નથી.

હાથ જોડીને કરૂં પ્રભુને વિનતી,
ક્ષમા કરોને મારા હોય અપરાધજો. નથી.
મેળવજો મારા પ્યારા પતિથી મને,
કરૂં વિનતી જોડીને બે હાથજો. નથી.

(ધર્મસિંહ તે બાઈને પોતાને ઘેર લઇ જાય છે અને એકાંત મહેલમાં નિર્ભયપણે રાખે છે તેના ગયા પછી જય સિંહ આવે છે અને પોતાનો પ્રિયબંધુ સૌર્યસિંહ નમળ-વાથી અફસોસ કરે છે.)

જયસિંહ— **રાગ વેરાડી જોગિયો.**

દિલોજાન મિત્ર ક્યાં ગયો છોડીને વનની માંય. ટેક.
ઉદાસી ફરૂં હું વન વિષે, સુજે ન જાવું ક્યાંય. દિલો.
પ્રભુ એ તેં શું કર્યું, છોડાવ્યો મારો ભ્રાત;
પણ જો બંધુ નહિં મળે, ઝુરી મરૂં હું તાત. દિલો.
શિકાર કરવા નીકળ્યો, હું વનની મોઝાર;
પણ એકીલો હું રહ્યો, કોપ કર્યો કિરતાર. દિલો.
જવાબ શું દઇશ રાયને, પૂછશે મને;
માટે ન જાવું નગ્રમાં, રહુ એકલો વને. દિલો.
પણ વાત જ્યારે જાણુશે, કરશે કેવીરે ગતિ;
મારી કરશે ચુર તે, શક તેમાં તો નથી. દિલો.
માટે બંધુ મેળવોને, અરે જગતના નાથ;
દાસ તમારો અર્જ કરે છે, જોડીને બે હાથ. દિલો.

(જયસિંહ આટલું બોલી પોતાના પ્રિયબંધુની શોધ ક-

રવાને જાય છે પછીથી સૌર્યસિંહ તેજ જગ્યાએ આવે છે અને પોતાની પત્નીને નહિ દેખવાથી નીચે પ્રમાણે અફ્‌સોસ કરે છે.)

સૌર્યસિંહ— રાગ–નાજો નરખસેં સુંદર નારી.

નહિં મિલતી દિલોજાન પ્યારી ઓ મેરે દિલવેં લગતી જુ-
બાની. ટેક.

ફિરતે ફિરતે આયે જંગલમેં, પન મિલતી નહિ પ્યારી. ઓ૦
પ્યારી પ્યારી કરકે પોકારૂં, મેરી જીંદગી હોતી ખુવારી. ઓ૦
એહિ નેનમે કુછ નહિં દેખે, દિલમેં લગતી દિલદારી. ઓ૦
પ્રિયા વિયોગે બનુગા જોગી, કાલજ લગતી કટારી. ઓ૦
લખા વિધિએ લેખસો બુરા, વિખુટી હુઈ પ્રાન પ્યારી. ઓ૦
અભી ઇશ્વર મૃત્યુ દેદે, લગતી દુનિયા અકારી. ઓ૦

રાગ સોરઠની ગજલ.

દિનાનાથ દિન દયાળા, મુજપર કરોને દયાયરે. ટેક.
મુજ માત તાત કેવાં હશે, તેની કેવી હશે અવસ્થાયરે;
મિત્રને તો વનમાં મુકયો, હું આવ્યો આ ઠારરે. દિનાનાથ.
બહુ કષ્ટ દીધુંછે મુજને, વણુ વાંકે તો આ વારરે;
વણુ વાંકે કીધો વિયોગતેં, મુજ પ્યારી પ્રાણાધારરે. દિનાનાથ.

પ્રવેશ ૭ મો.

સ્થળ—કચેરી.

(સૌર્યસિંહના બાપને પોતાનો પુત્ર ગુમ થયોછે એવું માલમ પડવાથી. શોકાતુર થાયછે.)

કેશરિસિંહ.— રાગ ભેરવીની ગજલ.

અવિનાશી આ તેં શું કર્યું, મુજ દિનનું રત્ન હર્યું. ટેક.
કરી તેં જીંદગી માહરી, દુઃખી હો પ્રભુ અરે.
હાથ જોડી કહું તને, માફી દયો ખરે ખરે. અવિનાશી.
પુત્ર માહરો કયાં ગયો, કેવી ગતિ તેની થઈ;
પુત્ર પત્ની સાથ સર્વ, મુજ રિદ્ધી સિદ્ધિ એગઈ. અવિનાશી.
પુત્રની વિના અરે, વાંઝીયો થયો પ્રભુ,
કરૂંછું અર્જ આપને, સાષ્ટાંગ ચરણે નમું. અવિનાશી.
દયા ધરિને દિલમાં, મેળવો મુજ પુત્રને.
જે વિના આ વિશ્વમાં, મુજને નહિં જરા ગમે. અવિનાશી.

(આટલું બોલી કેશરિસિંહ નીચે પ્રમાણે પોતાના પ્રધાન પ્રત્યે કહેછે.)

રાગ ગોપીચંદનો.

કે૦—સુને. પ્રધાન પ્યારે, જાતાહું મેં જંગલકી બીચમે.
વિ૦—સુનો રાજન મેરે, મત કરના શોક મહારાજજી;
કે૦—મેં ઢુંઢુંગા સારા જંગલ, સોપ્રિય પુત્રકે કાજ;
પન જો પુત્ર નાંહિ મીલેતો, છોડ દેઉંગા રાજ. સુનો પ્ર૦
વિ૦—ધિરજ ધરના રાજાજી મેરે, મત હોનાં ઉદાશ;
પુત્ર તુમેરા શોધકર લાવું, અબિ તુમેરી પાસ. સુનો રા૦
કે૦—પુત્રવિનાતો નાંહિ જીવુંગા, તજુંમેં સબ સંસાર;
તજુંગા મેં રાજપાટ ઓર, તજું મેં સઘલી નાર. સુનો પ્ર૦
વિ૦—કલ ફજરમેં જાઉંગા મેં, મત લાવ ચિંતા મન;

પૃથ્વી પરસેં શોધકર લાવું, અબિ તુમારો તંન. સુનો રા૦
કે૦—કલકી બાત તો કુન જાને, મતકર એસી બાત;
મેં ચલુંગા અબિ જંગલમેં, શોધકે લાવું પ્રભાત. સુનો પ્ર૦
વિ૦—જાતાહું મેં જંગલકી માંહે, શોધ કરનેકુ કાજ;
જંગલ જંગલ ફીરકે લાવું, તુંમેરા તનકું આજ. સુનો રા૦
કે૦—જહાંતક મેં નાંહિ દેખુંગા, પ્રાન સમાન જે તન;
તહાં તકમેં નાંહિ લેઊંગા, અહિં નયકા અન્ન. સુનો. પ્ર.

(આટલું કહી પ્રધાન સૌર્યસિંહની શોધને માટે નીકળી જાય છે અને પછી થોડે દિવસે કેશરિસિંહ કોઇ હુંશીયાર માણસને રાજ સોંપી શોધને માટે જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—ખાનગી ઓરડો.

(સૌર્યસિંહની મા ચતુરવંતી તેના પુત્રના ગુમ થયાથી શોક કરે છે.)

ચતુરવંતી— **રાગ લલીત.**

અરર પુત્રરે ક્યાં અરે ગયો, મુજને છોડીને શીદને રહ્યો;
તુજ વિના મુને ઘડીએ ના ગમે, તુજ વિયોગતો દેહીને દમે.
અરર પુત્રરે શું હવે થશે, દિવસ માહરા કેમરે જશે.
કેમ તું આંહિથી નાશીરે ગયો, અરર પુત્રરે ક્યાં જઇ રહ્યો.
કોણેરે તુજને દુઃખ આપીયું, સુખડું માંહરૂં કેમ કાપીયુ.
પરમ દેશમાં કોણ પાળશે, દુઃખડું તાહરૂં કોણ ટાળશે?

અરર ઈશરે, શું હવે કરૂં, પુત્ર વિનાય તો ઝુરીને મરૂં.
દુખઃડુ માહરૂં કોણને કહું, અરર ઇશરે ક્યાં જઈ રહું.
અરર માહરા તનરે ખરે, કેમ કરી મળું તુજને અરે.

(આટલું બોલી ચતુરવંતી મુર્છાગત થાય છે અને તેને દાશી આવી સાવધ કરે છે અને લઈ જાય છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—ધર્મપુરી.

(સોહામણિ પોતાની દાશીને પોતાના દુઃખની વાત કરે છે અને નીચે જોગી જે કે સૌર્યસિંહ હતો તે સાંભળેછે.)

રાગ રામગ્રી.—(સૈયર દુઃખ શું દાખવું.)

દાશી એકા એક ઇશ્વિરે, કર્યો મુજપર રોશ; ટેક.
જુદી કરી પિયુથી મને, થયો છે મોટો કોપ. દાશી.
ભોજન કદી કર્યું નથી પ્યારા પતિની સાથ;
નથી સુખ સાંતીથી બેઠી હું, જ્યારથી ગૃહ્યો હાથ. દાશી.
અન્યાય કીધો શું તાહરો, પ્રભુ દિન દયાળ;
મેળવી દયો મારા પતિને, લ્યોને પુત્રિની ભાળ. દાશી.
માતપિતાએ જાણ્યું હશે, હઈશ હું સુખ માંહ્ય;
પણ એથીતો થયું ઉલટું, છઉં દુઃખ શેતુ માંહ્ય. દાશી.
પતિ મારા પ્રભુ ક્યાં હશે, હશે કોની સાથ;
ટળવળશે માહરા વિના, મારા પ્રાણાધાર. દાશી.

સિંહ ચિત્તા વરૂ વાંદરાં, હશે વનની માંય;
બિતા હશે ન તેઓ ઘણા, કરૂં ઉપાય કાંય. દાશી.
વ્યાકુળ થઈછું હવે ધણી, જોવાને હું મુખ;
પ્રાણ ત્યાગુછું આ સમે, થાય છે ઘણું દુઃખ. દાશી.

રાગ પિયુને તજાવનાર વેરી અલંકાર.

સાંભળ તું પ્યારી મારી, દાશી મારાં દુઃખ;
પતિ વિખુટા પડ્યાથી, ગયાંછેજ સુખ.
મનડાની અંદરતો, ઉઠેછેજ આગ;
ખાવા ધાયે રમણિક, હવેલી ને બાગ.
પતિ વિના એકલી હું, ઝુરીને મરૂં;
પતિ વિના એકલી, જીવીને શું કરૂં.
જ્યારથી હું પરણીને, નીકળીછું બહાર;
ત્યારથી હું બેઠી નથી, સુખની મોઝાર.
કરૂંછું હું વિનતી, ઇશ્વિરને આ વાર;
મેળવી તું દેને હવે, પ્યારા ભરથાર.
નથી ગમતું તેહની, વિનારે જરા;
મારગ મને દે તું, માતુરે ધરા.

(આટલું બોલી રહ્યા પછી સોહામણિને મુર્છા આવે છે અને તેને દાશી સાવધ કરેછે અને નીચેથી જોગી જેકે સૌર્યસિંહ હતો તે બધું સાંભળી રહીને બોલે છે)

સૌર્યસિંહ— **લાવણી.**

નહિ મિલતી મેરી પ્યારી, મેરિ જીંદગી હોતી ખુવારી. ટેક.

ઓ પ્રભુ ક્યા મેં કીયા પાપ ભારી, નહિ મિલતી મેરીપ્યારી.
અબતો મરનેકી તૈયારી, તેને બોહોત કીયા ઓભારી. મેરી.
દિલમેં ક્યા કીયા બિચાર મેં, ગુસ્સા ક્યું મુજપર કીયા તેં;
બહોત દુઃખ મેં લીયા શીરપે, લગી કાલજ મેરે કટારી. મેરી.
એ જગતમેં અબિ કીધર જાઊં, દીલો જાની મેરી કીધર મીલાઊં;
બાધ બરસે ક્યું ડર જાઊં, જ્યાં લગી દિલસે યારી. મેરી.
અબમેં મેરી માસુક કીધર મિલાઊંગા, ઇશ શહેરમેં કીધરજાઊંગા;
અબતો ઝુર ઝુર મર જાઊંગા, મેરે દિલપે લગી દિલદારી. મે.

(સોર્યસિંહ એટલું બોલી ઉભો રહેછે એટલામાં રાજાના સિપાઇ આવી કેદખાનામાં પકડી લઇ જાય છે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—કેદખાનું.

સોર્યસિંહને સિપાઇઓ કેદખાનામાં લઇ જાયછે અને જયસિંહ જેકે સોર્યસિંહનો મિત્ર હતો તે કોઇ પણ છાની રીતે જઇ તેનું વૃતાંત પૂછેછે ત્યારે તે કહે છે)

સોર્યસિંહ— **રાગ આશાવરી જોગીયો.**

બંધુ શુણોને વાત એ, કહુંછું જે આ વાર. ટેક
આવ્યો જ્યારે હું નગ્રમાં, નાખ્યો કેદની મોઝાર. બંધુ.
દુશ્મન કેરો પુત્ર જાણી, દીધું દુઃખ અપાર;
એકદમ દુઃખ દીધું મને, નથી ઉગારનાર. બંધુ.

માર મારી મુજને ઘણો, દીધુંછે ઘણું દુ:ખ;
સહન થાએ કેમ ક્ષત્રીથી, ખમાતું નથી દુ:ખ. બંધુ.
પણ અંક સિંહને પુરીને, બકરૂં કરે પોકાર;
તેમ પડયોછું હું અહિં, કેદની મોઝાર. બંધુ.
કેદમાં રહેવું મુને, ગમતું નથિ હે યાર;
મરવું આથિ બેહેતર ગણું, સુખ તેમાં અપાર. બંધુ.
ઇશ્વિરને હું અર્જ કરૂંછું, કરવા દાસનું કામ;
નહિ કરે છૂટકાર તો, પ્રાણ તજુ હું આ ઠામ. બંધુ.

(સૌર્યસિહનું દુખકારક વર્ણન સાંભળી જયસિંહએ તેને દિલાસો આપ્યો અને કેસરીસિંહને જણાવવાને તે ત્યાંથી નીકળ્યો.)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ—કચેરી.

(જયસિંહે સૌર્યસિંહના બાપ કેશરિસિંહને સઘળી બિનાથી વાકેફ કર્યો. આથી કેશરિસિંહ ઘણોજ શોકાતુર થયો. પણ દુશ્મને પોતાના પુત્રને પકડયો છે એવું જાણવાથી ઘણાજ શુરના આવેશમાં આવી પોતાના સેનાધીપતિ પોતાનું લશ્કર સજ્જ કરવાને હુકમ કર્યો અને સઘળું લશ્કર બોલતું બોલતું જાય છે.)

લશ્કર— રાગ કલ્યાણ.

શુણો વિરો જરા, કરો જાણિતી ધરા;

સૌર્ય ધીર ઉર આણિ, મન કરો ખરા. ટેક.
બંદુક ફોડી કિલ્લા તોડી, ચલાવો તલવાર;
મારો જલદી તોપો ગોળા, શત્રુ કરો ઠાર. શુણો.
શુરા થઈને પુરા પડો, નહિ કાયરનું કામ;
નિમક હલાલિ વાપરીને, આગળ ધરો હામ. શુણો.
અધરથી ઉડાડી દયો, શત્રુ કેરાં શિશ;
પરાક્રમો દેખાડી, કિર્ત્તી કરો દશ દિશ. શુણો.
પાછી પાની ધરવી નહિ, એ છે ક્ષત્રી ધર્મ;
પુર્વજોના નામજ રાખવા, કરો તમે સુકર્મ. શુણો.
જેવી રીતે રજપુતોએ, રાખ્યું સિંધમાં નામ;
કાસમને હઠાવી મૂકી, સાજું રાખ્યું ગામ. શુણો.
શુરા જે ચિતોડ તણા, સંભારો તે આવાર;
મરતા સુધી રણમાં પડતાં, ન મુકી તલવાર. શુણો.
(આ લશ્કર ધર્મપુરીની ભાગોળે આવી પહોંચે છે.)

પ્રવેશ ૧૨ મો.

સ્થળ ધર્મપુરી.

(ધર્મસિંહ રાજા કચેરી ભરીને બેઠા છે તેવામાં દ્વારપાળ કેશરિસિંહના લશ્કરથી ત્રાસ પામીને રાજાને નીચે પ્રમાણે કહે છે.)

દ્વારપાળ— રાગ—જોડી તમેં ના જોઇ માડી.

સુણો રાજ માહરા તાજ, (૨)

ભાગોળે તો લશ્કર આવ્યુંછે, લેવા આપણી લાજ. સુણો
કહેવા આવ્યો છું હું તમને.(૨)
જે કંઇ ઉપાય હોય આપની પાસે કહો અમને,
છઉ હું લડવાને તૈયાર, (૨)
મારી કાપી લશ્કર અહિંથી, નસાડું આ વાર.
છઉં હું આપનો દાશ, (૨)
હુકમ હોયજો આપ તણો તો ચલાવું હું તલવાર.

(ધર્મસિંહ આવું એકાએક લશ્કરનું ચડી આવવું જોઇને ઘણો ગાભરો બની ગયો પણ ગુસ્સે થઈને એકદમ બોલ્યો.)

ધર્મસિંહ— રાગ—આજ સ્યામ મોરલીકી.

વાત આજ શુણીને ઉમંગ મન ઉપજ્યો,
ભલે આવ્યો તે ભૂપ સ્યામ ટોલીને નહિ તજ્યો.
ઘણીકવાર હરાવીને પાછોજ તેને મેં કર્યો,
ન આવી લાજ તેહને ફરીથી પાછો તે ફર્યો.
થાઓ સહુ તૈયાર શું બેસી રહ્યા છો જોઈને,
નહિ જવાદો જીવતો જશેજ લાજ ખોઇને.
ધરિજ શસ્ત્ર અસ્ત્ર ધીર વિર ચાલો ચોપથી,
ચલાવો તીર બાલા બહુ ગેબી વળી ગોપથી.
નહિ ફરેજ પાછો જે હશેજ ક્ષત્રી જાતનો,
ખરે ફરેજ પાછો જે કાયરોની જાતનો.

———

પ્રવેશ ૧૩ મો.

સ્થળ—રણસંગ્રામ.

(લડાઈ મચોકાર ચાલે છે અને તે વખતે કેશરિસિંહ ધર્મસિંહને પોતાનો પુત્ર છોડી દેવાને કહે છે.)

કેશરિસિંહ— **રાગ જુઓ જુઓ વિપ્રે ભીડી હામ.**

તારૂં જવાનું છે સઘળું ગામ, તનેરે હવે શું કહું રે.
ખોયું તેં ક્ષત્રીનું નામ, . તનેરે.
થા તું લડવાને તૈયાર, તનેરે.
નહિંતો પુત્રને છોડ આ વાર, તનેરે.
હજુ નથી દીઠો તેં મારો હાથ, તનેરે.
કમજાત તું તો લડ મારી સાથ, તનેરે.
જો લડવાની હોય હામ, તનેરે.
નહિતો પુત્રને છોડ આ ઠામ, તનેરે.

ધર્મસિંહ.—આવી જાને તું મારી સાથ, ક્ષત્રીરે પણ નહિ મુકેરે.
તને દેખાડું હું માહરો હાથ, ક્ષત્રીરે.
તું જાણીશ નહિ નાનો રાય; ક્ષત્રીરે.
શેર માથે સવાશેર થાય, ક્ષત્રીરે.
હતા પાંડવ પાંચજ જન, ક્ષત્રીરે.
હાર્યા ત્રણસો કૌરવ તંન. ક્ષત્રીરે.
આથી ચડયો મને બહુ ઉમંગ, ક્ષત્રીરે.
તારી આશા કરૂં જો હું ભંગ, ક્ષત્રીરે.

(લડાઈ બરાબર જોશપર આવી જાય છે અને ધર્મસિંહનું મૃત્યુ થાય છે અને કેશરીસિંહ પોતાનો પુત્ર સૌર્યસિંહ

તથા તેની સ્ત્રી સોહામણીને દુઃખમાંથી મુક્ત કરી પોતાના દેશમાં લઇ જાય છે અને જયજામસિંહને ગાદીએ બેસાડેછે.)

પ્રવેશ ૧૪ મો.

સ્થળ—ધર્મપુરી.

(ધર્મસિંહનું લડાઇમાં મૃત્યું થવાથી સઘળા લોકો શોક કરેછે.)

રાગ મરસીયા.

હાય ઇશ તેં શાણા સુબાને શું હણ્યો, શાણા સુબાને શું હણ્યો.
નિર દોશીપરે જુલમ કર્યોરે. હાય ઈશ. ટેક.
જય જામસિંહ દુઃખનો ન પાર, ચાર્યાગના રૂવેછે અપાર;
પ્રાણવંતી રૂવે છે ચોધારરે. હાય ઇશ. ૧
અશ્વ આંખોમાં જળ વહે છે, હસ્તી શોક ગર્જના ગૃહે છે;
સર્વ પક્ષીઓ શોક લહેછેરે. હાય ઈશ. ૨
વૃક્ષ ઉપર પંખીઓ ઝુરેરે, શોક મેઘથી કંઈ ના ફરેરે;
સર્વ મળીને શોક કરેરે. હાય ઇશ. ૩
શહેર શુન્ય થયું છે આજે, શોક લોક કરે સુબા કાજે;
દિલગીરી ચોદિશ ગાજેરે. હાય ઈશ. ૪
રંગમહેલ તો સુનો થયો છે, સુખદ સુર્ય તેમાંનો ગયોછે;
દુઃખ શેતુ આવીને રહ્યોછેરે. હાય ઇશ. ૫
વણિક વેપાર ઝાંખો પડયો છે, શોક સર્વસ્થાને જઇ અડયોછે;
સર્વ કાર્યમાં તેજ નડયોછેરે. હાય ઇશ. ૬
દરવાનો તો ડેલીએ રડેછે, રંક ઝુરી ઝુરીને મરેછે;
દાસ દાશીઓ શોકમાં ફરેછેરે. હાય ઈશ. ૭
રાજ ચલાવતા રૂડી રીતે, પ્રજા પાળતા પુરી પ્રિતે;

ઘા લાગ્યો અમ તણે ચિતેરે, હાય ઈશ. ૮
પુણ્ય સ્થંભ તો હતો ભારે, દયા આવી ન લેતાં લગારે;
ઈશ કેર કર્યો તેં ભારેરે. હાય ઇશ. ૯
પ્રભુ ધણી વિનાના શું કર્યા, અમ સુખીને દુઃખી કર્યા;
ઇશ સુખો અમારાં શું હર્યારે. હાય ઇશ. ૧૦
શત્રુ જોર તો ફાવ્યું છે ભારે, ન હતો જુલમ જે લગારે;
તે આવી પડયો છે આ વારેરે. હાય ઇશ૦ ૧૧
જય જામસિંહને સાથ થાજે, અમ દિનના સુખને કાજે,
કરી પ્રાર્થના શુણજે આજેરે. હાય ઈશ. ૧૨

પ્રવેશ ૧૫ મો.

સ્થળ—સાષ્ટાવતિ.

(સહ કુટુંબ પ્રધાન મિત્ર મળી ઇશ્વર પ્રાર્થના કરે છે.)

સર્વે— **રાગ દયાળુ દેવ કૃપાળુ તું.**

અહો દિનનાથ, જોડીએ હાથ, અહોનિશ રાખ, સર્વે સાથ. ટેક.

કેશરિસિંહ—

મારા પુત્રને, દીધું દુઃખ, તેવુંજ કરજે, તેને સુખ, અહો દિનનાથ.
થયો હું હેરાન, પુત્રને કાજ, હવેથી સોપું, તેને રાજ. અહો દિનનાથ

ચતુરવંતી—

કીધો તેં ઘણો, અમપર રોસ, ક્ષમા કરજે, અમારા દોશ. અહો દિ
નવે નિદ્ધી, ને સિદ્ધી અષ્ટ, હવે આપજે, નિવારી કષ્ટ. અહો દિન૦

સોર્યસિંહ—

ઇશ્વર તું છે, જગતનો તાત, કર્યા દુઃખી, પિતાને માત. અહો દિન૦
પ્યારી મુજને, હતી પ્યારી, તુજ કોપે, કરી ન્યારી. અહો દિનનાથ.

કર્યો દુઃખી, મારા મિત્રને, વળી સંકટ, પડ્યાં તંત્રીને. અહો દિનનાથ
હવે નિધા, કરી મુજપર, ભરોસો સુખનો તુજપર. અહો દિનનાથ.

સોહામણિ—

નિરંજન દેવ, કરૂં હું સેવ, હવે તું સહાય, થજે તત્ખેવ. અહો૦
સહિ વીપતિ, અમે ભારી, જ્યારે કૃપા, હતી ન્યારી. અહો દિનનાથ.
પતિ મારા, વિયોગે પડ્યા, વિધિના લેખ, કર્મે અડ્યા. અહો દિનનાથ
પાછળથી કર્યા, સઉને દુઃખી, કર્યો ક્રોધ તેં, અમપર મુખી. અહો૦
સદા રાખજે, અમપર રહેમ, ઈચ્છુંછું હું, સહુને ક્ષેમ. અહો દિનના
સદા માગું, પ્રભુની પાસ, પુરજે તું, અમારી આશ. અહો દિનનાથ.

વિરસિંહ--

રાજા મારાને, કર્યો તેં હેરાંન, જેથી કરી, ફર્યો બહુ રાન. અહો દિન.
કરી રહેમ તેં, સઉની પરે, સુખ મુખથી, હું માગું ખરે, અહો દિ૦

જયસિંહ—

દિલો જાન મિત્ર, જે પ્યારો, પ્રભુ તેં કર્યો, હતો ન્યારો. અહો દિન૦
પ્રિતે મેળવ્યા, અમને તહિં, દેજે તું સુખ, વિલાસ અહિં. અહો દિ૦

સર્વેમળી—

નિરંજન તું, નિરાકાર છો, અખિલ વિશ્વમાં, તું તાર છો. અહો દિ૦
કરજે મહેર, મોરારી તું, કૃપાસિંધુ, કૃપાનાથ તું. અહો દિનનાથ.
વિનતી અમારી, શુણીને આજ, બરાબર ધ્યાન, લે શિર તાજ. અ૦
કુંટુંબી સર્વે, મળીને સાથ, અવિચળ સુખ, માગે નાથ. અહો દિન૦
પડીએ પાય, તુજને ઈશ, સુખદાતા, તું છે જગદિશ. અહો દિનનાથ
છેલી વિનતી, અમારી છે, સર્વદા સુખ, અમને દે. અહો દિનનાથ.

(સર્વજણા સ્વસ્થાને જાય છે.)

સર્વેએકટરે— રાગ.

કૃપાધના, કૃપાસિંધુ તમે, કૃતિસમું, પ્રભુ કદી નવ જુઓરે.

નાથ નિરંજન દેવ તમે, સદા સાહ્ય માગું પ્રભુ તમે કરોરે. ટેક.
તમ વિશ્વાસે કામ આરંભ્યું, મન વાંચ્છીત ફળ તમે ધરોરે. ના
ચરિત્ર પ્રભુ આજે બનાવ્યું, કિર્ત્તી કર્તા ઈશ કર ગૃહોરે. નાથ.
અખિલ વિશ્વ વિષે જગદીશ, રહેમ કરિ પ્રભુ મહેર કરોરે. નાથ.
સુખ દુઃખ જે અવનિ માંહે, ખેલ તેનો અમે કર્યો ખરોરે. ના.

સભાપ્રત્યે— રાગ.

જયજય જગદંદ દયાસિંધુ ઉપકારી.
દિનપાળ દિનબંધુ લેજો લાભ ભારિ,
લેજો લાભ ભારિ બંધુ મે'ર કરે મોરારિ. ટેક.
સૌર્યસિંહ સોહામણિ, જે સુખી નરનારિ;
કષ્ટ પડ્યાં તેહ પરે, કોણ શકે નિવારિ. દીનપાળ.
ચરિત્ર જોયું તમે જે, આજે સુખકારિ;
જગત કર્ત્તા જગદિશે, બનાવી લિલા ન્યારિ. દીનપાળ.
નમન કરિ માફ, આજ માગીએ તમારિ;
રોશ મન નવ ધરિ, સુબોધ ગૃહો ભારિ. દીનપાળ.
જગત અખિલ માંહ્ય ખરે, બને છે બિના ભારિ;
પ્રગટ કરવા ઈચ્છો જે, પુર્ણ થઇ છે મારિ. દીનપાળ.
ભૂલ ચુક કરિ માફ, માગું છું તમારિ;
શિશુવત જાણિને, ક્ષમા કરો નરનારિ. દીનપળા.

સમાપ્ત.

अंतर] "કંપનીના મેમ્બરો:—" [लापिका.

રાગ અંગ્રેજી વાજાની ઢબ.—

पी, એમ, ડી, પી, કુંપની વી, ઈચ્છેછે સમાજ;
एम, શુભ ચાહિને, કરેછે સુખ કાજ. ટેક.

*****दि**લ વિષે દયા ધરિ, કરેછે સારાં કાજ;
पिચકારિ પ્રેમની, મારેછે આ સમાજ. પી, એમ.

विજય પામો દેશમાં, ખરે થજો પ્રખ્યાત;
कुंपनी આ નગ્રમાં, હિતેચ્છુછે સાક્ષાત. પી, એમ.

भावनग्रમાં ભલે, થજો સઉ વિદ્વાન;
આશિશ એવિ આપીએ, ગાઇને ગુલતાન. પી, એમ.

ગ્રહાક થઇને ખરે, આપ્યુંછે ઉત્તેજન;
તેહ ને જે આપશે, કરે સઉ નમન. પી, એમ.

સહાય માગીએ પ્રભુની, દ્વિ જોડિજ હાથ;
સર્વદા આ દેશની, કિર્ત્તી કરે જગનાથ. પીએમ.

---

* અંગ્રેજીમાં ડી છે માટે ગુજરાતિ ભાષામાં **द** થી શરૂ થતા નામને ડી થી, શરૂ કરવામાં આવેછે માટે **द** લખ્યો છે.

આ પુસ્તકના ગ્રહાક થઇ જેઓએ પોતાનાં નામ અમર કર્યાં તેની યાદી.

ભાવનગર.

૨૫ રા. રા. કુબેરદાસ હરીભાઈ ટેલીગ્રાફ ટ્રે-
નીંગ કલાસ માસ્તર.
૨૦ રા. રા. માધવસિંહ રામાભાઇ.
૧૫ રા. રા. પાનાચંદ નથુભાઈ.
૧૦ રા. રા. માવજીભાઇ ગગલભાઇ.
૧૦ રા. રા. તુળશીદાસ જેઠાભાઇ.
૧૦ રા. રા. ભાણજીભાઈ નથુભાઈ.
૧૦ રા. રા. વકીલ ગોપાળરાવ વૈકુંઠરાય.
૧૦ રા. રા. ભટ મણીલાલ હરનારણતારમાસ્તર
૧૦ રા. રા. છોટાલાલ કુબેરદાસ.
૫ રા. રા. ગાંડાલાલ લીંબાભાઈ.
૫ રા. રા. અમૃતલાલ પનજીભાઈ.
૫ રા. રા. બ્રીજભુખણદાસ મથુરાંદાસ.
૪ પારેખ. છોટાલાલ પ્રેમજી.
૨ મણિઆર બાલુભાઇ કહાનદાસ બુકસેલર.
૨ રા. રા. મુળજી ગોબરભાઈ.
૨ રા. રા. ત્રિભોવંન કાળીદાસ.
૨ ભટ. રેવાશંકર ગવરીશંકર.
૨ રા. રા. નંદલાલ લક્ષ્મણભાઇ.
૧ રા. રા. કૃષ્ણપ્રસાદ શ્રીપ્રસાદ.
૧ રા. રા. જયસુખ પ્રેમજી.
૨ રા. રા. ગંભીર વશરામ.
૨ દવે. પરભાશંકર કુંવરજી.
૨ સોની. ગીરધર દેવજીભાઇ.
૨ રા. રા. મહારાજગર સવાઇગર.
૨ રા. રા. ગીરધરલાલ કુબેરદાસ. ઘડીઆળી.
૨ રા. રા. લલુભાઇ ઓધવજી.
૧ મહેતાજી. નરોતમ કલ્યાણજી. બુકસેલર.
૧ ભટ ગીરજાશંકર સામળજી. વૈદ્ય.
૧ શા. ઓધવજી કરશનદાસ.
૧ ઠકર. દામોદર વીઠલ.
૧ ભટ. ગીરજાશંકર કલ્યાણજી.
૧ ભટ. જટાશંકર વિશ્વનાથ.
૧ ભટ. જીવરામ શીવશંકર.
૧ ઠકર. પરમાણંદ માધવજી.

૧ જોશી. નાનજી કરશન.
૧ પટેલ. ત્રિભોવંન જીવરાજ.
૧ રા. રા. છબીલ ભગવાન.
૧ સિપાઈ. હસંન મચ્છું.
૧ રા. રા. સામળદાસ પુરશોતમદાસ.
૧ ગાંધી મનોર પરશુદાસ.
૧ ઠકર. ત્રિભોવંન વીઠલ.
૧ રા. રા. સાકરલાલ વજેશંકર. ફોજદાર.
૧ રા. રા. તારાચંદ દયાળજી.
૧ સુવાર. રંગીલદાસ હરજીવંનદાસ.
૧ રા. રા. જુઠા ભગવાન.
૧ ઠકર માણેકલાલ કુબેર.
૧ ઠકર. જીવણ દુલભજી.
૧ ત્રવાડી. અનોપરામ લાઉજી.
૧ ઠકર. દુલભજી જુઠાભાઇ.
૧ રા. રા. માણેકલાલ બોઘા.
૧ ઠકર દામોદર નાનજી.
૧ જોશી. ગાંડાલાલ ગોપાળજી. સ્વાર.
૧ બોજા. નુરમામદ કાશમ. મરચંટ.
૧ રા. રા. હરીલાલ જટાશંકર.

૧ બદાણી. ચુનીલાલ જગજીવંન.
૧ રા. રા. મોતીલા ત્રીભોવન.
૧ રા. રા. દુલેરાય બાપુભાઈ.
૧ ગાંધી નંદલાલ ગીરધર.
૧ લાભશંકર મનસુખરામ.
૧ પરતાપરાય વજેશંકર.
૧ પંડ્યા. ગીરજાશંકર બેચર.
૧ ઠકર. પરમાણંદ વીઠલ.
૧ મણીલાલ જુઠા.
૧ રા. રા. આણંદજી ગોવીંદજી.
૧ પાળીયદા દરબારશ્રી દાનાખાચર જીવાખાચર
૧ રા. રા. છોટાલાલ ગીરધર.
૧ રા. રા. અંબાલાલ રામચંદ્ર.
૧ ભટ જટાશંકર નરસિંહરામ.
૧ ભટ જીવરામ દયારામ.
૧ ભટ જટાશંકર વિશ્વનાથ.
૧ રા. રા. ચંદ્રશંકર ઉમીયાશંકર.
૧ પાળીવાદ દરબારશ્રી દાનાખાચર જીવાખાચર
૧ રા. રા. જમાદાર હુસેનભાઇ પીરભાઈ.
૧ પોસ્ટ માસ્તર ભાવનગરના.

૧ પારેખ લવજી હીરજી.
૧ દવે લક્ષ્મીશંકર છગનલાલ.
૧ સોની. મગનલાલ ભીમજી.
૧ રા. રા. પરસોતંમ સુંદરજી.
૧ રા. રા. મુકુંદરાય પ્રભાશંકર.
૧ રા. રા. રતીલાલ છગનલાલ.
૧ રા. રા. જેઠાલાલ નાનજી.
૧ રા. રા. મોતીલાલ ઘેલાભાઈ.
૧ રા. રા. પરભુદાસ રામચંદ્ર.
૧ રા. રા. લલુ ચુનીલાલ.
૧ રા. રા. કુબેર છગન.
૧ કાણકીયા જમનાદાસ ભગવાનદાસ.
૧ નારણ માવજી.
૧ ત્રીકમ નરશી.
૧ રા. રા. માધવલાલ છોટમલાલ.
૧ રા. રા. નર્મદાશંકર મોરારજી.
૧. રા. રા. અમરચંદ કુબેર.
૧ રા. રા. રામજી પુરસોતંમ.
૧ રા. રા. કાળીદાસ નાનાભાઈ.
૧ રા. રા. મોતીલાલ ભુરાભાઇ. વૈદ્ય.
૧ રા. રા. વકીલ કાળીદાસ શીવરામ.
૧ ગરાશીઆ બાલુભા પથુભા.
૧ વિનાયકરાવ હરીપ્રસાદ.
૧ રા. રા. કાળીદાસ વજેરામ.
૧ રા. રા. મણીલાલ ભગવાન
૧ રા. રા. ચંપકલાલ મગનલાલ.
૧ રા. રા. હઠીસંગ પાનાચંદ.
૧ રા, રા. દવે મગનલાલ હરજીવંન
૧ રા. રા. ગીરધર નારણદાસ.
૧ રા. રા. પુરસોતંમ છગનલાલ.
૧ રા. રા. મોહનલાલ ભાણજીભાઈ.
૧ રા. રા. માવજી જુંઝાભાઈ.
૧ મોહન હરજીવંન ઓઝા.
૧ રંગુપંથ સ્ટેશન માસ્તર ગડેચી.
૧ રા. રા. સાકરલાલ ઝવેરીલાલ.
૧ રા. રા. રામચંદ છગન.
૧ બેજનજી હોરમદજી.
૧ રા. રા. નરશી કુબેર.
૧ જોશી વનમાળી ગલ્લુ.

ભુજ.

૧ રાઘવજી રામજી લુવાણા.
૧ રા. રા. જેઠાલાલ મેઘજી લુવાણા.
૧ રા. રા. લાલજી મેઘજી લુવાણા.
૧ રા. રા. પ્રેમજી હંસરાજ લુવાણા.
૧ જોશી મયાશંકર મોરારજી ધારક.
૧ રા. રા. ગુલાબશંકર દુલેરાય મેતા.
૧ રા. રા. વજુ વીસરામ મેતા.
૧ રા. રા. મણીલાલ ભગવાન.
૧ રા. રા. ઇશ્વરલાલ રાઘવજી મેતા.
૧ રા. રા. મણીલાલ સંઘજી પંડ્યા.
૧ લખમણગર ભાણગર ગોસાઇ.
૧ રા. રા. મનુભાઈ રસુભાઇ ચવાણ.
૧ ચાવડા વાઘુ સવાણી ઊંટવાળા.
૧ સીદી ભચુ ગુલમામદ ઉમેદવાર.
૧ સૈયદ હુસેનશાહ મલુકશાહ નીશાનચી.
૧ સુમરા સુલેમાન ચનેશ્વર ઊંટવાળા.

લીંબડી.

૨ રા. રા. મગનલાલ ભુખણદાસ. સ્કોલર
૧ રા. રા. ખુશાલ ડોસાભાઇ ભાવસાર.
૧ રા. રા. મગનલાલ ભગવાનલાલ સ્કોલર.

ધ્રાંગધરા.

૧ રા. રા. અમરશી ચતુર ટેલર.
૧ રા. રા. નરશી લલુ ભાવસાર મુનીમ.

કુંમળેજ.

૧ રા. રા. દીપચંદ હરીચંદ.
૧ રા રા. કાછીયા હાકેમચંદ જગજીવંન.
૧ રા. રા. સારાભાઇ અવલરામ વહીવટદાર
૧ રા. રા. ભાઈશંકર તુળશીરામ સ્કુલમાસ્તર
૧ શા. ધનજી મનજી જનરલ મરચંદ
૧ રા. રા. હરજીવંનદાસ વીઠલદાસ કારકુન.

કરદેજ.

૧ પટેલ જીવા દેશાખમલ.
૧ ત્રવાડી ગવરીશંકર રામકરસન.
૧ મુખી કરસન સામત ડાંગર.

નોટીસ.

આ ચોપડીના સર્વે હક છપાવવાના, ભજવવાના અને છાપવાના કર્ત્તા. પી. એમ. ડી. પી. ની કુંપનીએ રાખ્યા છે. માટે રજા સિવાય આ નોટીશ વિરૂદ્ધ જે ચાલશે તેનાપર કાયદા અમલ કરવામાં આવશે.

લી. પી. એમ. ડી. પી. ની કુંપની.

વિજ્ઞાપના.

આર્યબંધુઓ આ ચોપડીનું ગદ્ય પદ્યાત્મક નાટક અમે થોડા વખતમાં બહાર પાડનાર છઇએ તો જે સાહેબો ગ્રાહક થવા ઇચ્છા ધરાવતા હોય તેમણે અમને ભાવનગરમાં નવી કાપડ બજારમાં ભાવસાર ગીરધર કકલની દુકાને લખી મોકલવું.

જે કોઇ સદગૃહસ્થોને આ ચોપડી જોઇતી હશે તેમને રોકડી કીમતે મળશે જાસ્તી લેનારને કુંપનીની તરફથી સારૂં કમીશન મળશે.

લી. પી. એમ. ડી. પી. કુંપનીના પ્રણામ

ભાવનગર.